**જનસંપર્ક અધીકારી દ્વારા**

**પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર**

**ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**

**કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦**


**તા.૨૪/૮/૨૦૧૫ સોમવાર**

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયા :-** **સમાચાર યાદી નં.૧૭૨૨/૧૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૯ કેસ કરી ૩૬ વ્યક્તિઓને ઝડપી, ૨૧૯ લીટર દેશી દારૂ, ૧૯ બોટલ ઇંગ્લીશ દારૂ, ૨૭૦ ક્વૉટર ઇંગ્લીશ દારૂ, ૧૦ બિયરટીન, ૦૧ સ્કુટર અને ૦૧ કાર કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૦૬ કેસ કરી ૩૩ વ્યક્તિઓ ઝડપી રૂપિયા ૭૨,૫૮૫/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૭૨૩/૧૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૫૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી. ૯૩ મુજબ ૧૩ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

**અપહરણઃ** **સમાચાર યાદી નં.૧૭૨૪/૧૫**

**સરદારનગર :** જશવંતભાઇ રૂપાજી રાવળ (રહે.ખોડીયારનગરની બાજુમાં પાણીની ટાંકીની પાસે, થલતેજ) એ સરદારનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૩/૮/૧૫ સવારનાં ૮/૩૦ વાગ્યાના સુમારે નરોડા સુતરનાં કારખાના પાસે આવેલ ઠક્કરબાપા આશ્રમથી પોતાનો પુત્ર બ્રીજેશ (ઉ.વ.૧૨) ને કોઇ અજાણી વ્યક્તિ અપહરણ કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી વી.આર.પટેલ ચલાવે છે.

**વાહન અકસ્માતમાં મૃત્યુ :-** **સમાચાર યાદી નં.૧૭૨૫/૧૫**

**સાબરમતી :** પપ્પુભાઇ સોમાભાઇ દાતણીયા (રહે,ચીમનભાઇ બ્રીજ નીચેનાં છાપરામાં, પાવર હાઉસ સામે, સાબરમતી) એ તા.૨૩/૮/૧૫ નારોજ સાબરમતી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૧/૮/૧૫ નાં કલાક ૦૦/૧૫ વાગ્યાનાં સુમારે ચીમનભાઇબ્રીજ નીચે છાપરા નજીક કોઇ અજાણ્યા મોટર સાયકલનાં ચાલકે પોતાની મોટર સાયકલ પુર ઝડપે અને બેદરકારીથી ચલાવી લાવી, પપ્પુભાઇની પુત્રી દક્ષા (ઉ.વ.૭) ટક્કર મારતાં, શરીરે ગંભીર ઇજાઓ થતાં સારવાર દરમ્યાન દક્ષાનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ ગુનાની તપાસ મ.સ.ઈ.શ્રી શનાભાઇ ધુળાભાઇ ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**<u>કરંટ લાગતાં મૃત્યુ :-</u>** **<u>સમાચાર યાદી નં.૧૭૨૬/૧૫</u>**

**ગાયકવાડ હવેલી :** લક્ષ્મીબહેન ડો/ઓ મનુભાઇ વાઘેલા (ઉ.વ.૨૦)(રહે.સરદારબ્રીજ હેલ્થ ક્વૉટર્સ, જમાલપુર) તા.૨૨/૮/૧૫ સાંજના ૬/30 વાગ્યાના સુમારે પોતાના ઘરે બાથરૂમમાં પાણીની મોટર બંધ કરવા જતાં, કરંટ લાગતાં સારવાર અર્થે તેમને વા.સા.હોસ્પીટલમાં દાખલ કરેલ હતાં. જ્યાં સારવાર દરમ્યાન રાતનાં ૮/૧૦ વાગે લક્ષ્મીબહેનનું મૃત્યુ નિપજ્યુ હતુ. આ અંગે ગાયકવાડ હવેલી પોલીસે અકસ્માત મોત નોધી, આ અંગેની તપાસ હે.કો.શ્રી પન્નાલાલ બદાભાઇ ચલાવે છે.

**<u>આત્મહત્યાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૭૨૭/૧૫</u>**

**રિવરફ્રન્ટ (વેસ્ટ) (૧) :** ઉર્વશી નિતીનભાઇ મેઘા (ઉ.વ.૩૮)(રહે.મહેરણ સોસાયટી, ઇસનપુર બસસ્ટોપ પાસે, ઇસનપુર) એ માથાના દુખાવાની બીમારીથી કંટાળી જઇ તા.૨૩/૮/૧૫ સવારના ૭/૧૫ વાગ્યા પહેલાં કોઇપણ સમયે સાબરમતી નદીનાં પૂર્વ કિનારે, સરદારબ્રીજ નીચે, સાબરમતી નદીમાં ડુબી જઇ આત્મહત્યા કરી હતી. આ અંગે રીવરફ્રન્ટ (વેસ્ટ) પોલીસે અકસ્માત મોત નોધી, આ અંગેની તપાસ હે.કો.શ્રી ખોડાભાઇ અરજણભાઇ ચલાવે છે.

**(૨) :** બકુલભાઇ હરીશભાઇ સોલંકી (ઉ.વ.૨૫)(રહે.સર વિનોબાનગર, પાણીની ટાંકી સામે, રખીયાલ) એ કોઇ કારણોસર તા.૨૩/૮/૧૫ સવારના ૧૦/30 વાગ્યા પહેલાં કોઇપણ સમયે વી.એસ.હોસ્પીટલ પાછળ, પૂર્વ કિનારે, સાબરમતી નદીમાં ડુબી જઇ આત્મહત્યા કરી હતી. આ અંગે રીવરફ્રન્ટ (વેસ્ટ) પોલીસે અકસ્માત મોત નોધી, આ અંગેની તપાસ હે.કો.શ્રી ખોડાભાઇ અરજણભાઇ ચલાવે છે.

**(૩) :** દિપીકાબહેન લક્ષ્મણભાઇ પરમાર (ઉ.વ.૨૩)(રહે.ગાંધીવાસ, મોટેરા, સાબરમતી) એ કોઇ અગમ્ય કારણોસર તા.૨૩/૮/૧૫ સાંજના ૬/00 વાગ્યા પહેલાં કોઇપણ સમયે સાબરમતી નદીમાં ડુબી જઇ આત્મહત્યા કરી હતી. આ અંગે રીવરફ્રન્ટ (વેસ્ટ) પોલીસે અકસ્માત મોત નોધી, આ અંગેની તપાસ હે.કો.શ્રી હસમુખભાઇ મગનભાઇ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)